અંકલેશ્વર હાઈવે પર 5 કિમી ટ્રાફિક જામ

અંકલેશ્વરની રાજપીપળા ચોકડીના રોડ પર પડેલા ઠેર ઠેર ખાડાને લઈને વાહનો હાઇવે પર ડાયવર્ટ થતા જટિલ સમસ્યા

નેશનલ હાઈવે-48 પર સુરત તરફ જતા લેનમાં ટ્રાફિક જામનો પ્રશ્ન ઉદ્ભવ્યો

ભરૂચ, અંકલેશ્વર : અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે-48 પર સુરત તરફ જતી લેનમાં શનિવારે વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. વરસાદી માહોલ વચ્ચે 5 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ થયો હતો. સમગ્ર ઘટનાને લઈને હરકતમાં આવેલા NHAI ટીમે તલસ્પર્શી તપાસતા અંકલેશ્વરમાં રાજપીપળા ચોકડી પર સ્ટેટ રોડ પર અઢળક ખાડાને લઈને નેશનલ હાઈવે પરથી વાહનો પસાર થતા ટર્નિંગને લઈને સમસ્યા ઉદ્ભવતી હોય છે.

ભરૂચ જિલ્લામાં વરસાદના કારણે હાઈવે પર ટ્રાફિક જામની સમસ્યા બનતી હોય છે. શનિવારે નેશનલ હાઈવે-48 પર સુરત તરફ જતા લેનમાં ટ્રાફિક જામનો પ્રશ્ન ઉદ્ભવ્યો હતો. શનિવારે આ ઘટના લઈને NHAI ના અધિકારીઓએ જોતા ખાસ કરીને અંકલેશ્વર રાજપીપળા ચોકડી પર સ્ટેટ રોડ પર અઢળક ખાડા પડી જતા વાહનચાલકો માટે માથાનો દુઃખાવો બની ગયો છે. જેને કારણે વાહનચાલકો ખાડામાંથી બહાર રહેવા માટે નેશનલ હાઈવે રૂટનો ઉપયોગ કર્યો છે. વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે થોડીવારમાં ટ્રાફિક સમાસ્યા હળવી થઇ ગઈ હતી.

વરેલી નજીક અકસ્માતમાં બાઈક સવારનું મોત

પલસાણા : કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ પ્રદીપ ગવ્હાણે (ઉ.વ.43, રહે. દસ્તાન રેસીડન્સી) બાઈક (રજી. નં.GJ 19 AS 6588) પર જઈ રહ્યા હતા. આ સમયે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી પ્રદીપભાઈની બાઈકને ટક્કર મારતા પ્રદીપભાઈ રોડ પર પટકાયા હતા. અકસ્માત સર્જનાર અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનનું ટાયર તેના માથા પર ચડાવી દેતા પ્રદીપભાઈને માથામાં ગંભીર ઈજાઓ થતા તેમનું મોત નિપજ્યું હતું. આ મામલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડોર સ્ટેપ ડિલિવરીનાં વાહનોમાં ટેક્સની બેફામ ચોરી, ફિટનેસ પણ એક્સપાયર્ડ, કોન્ટ્રાક્ટ આપ્યા બાદ ટેન્ડરનાં નિયમોનો અમલ જ થતો નથી

નિગમનાં વાહનોમાં પણ વીમાનો પલિતો

ડોરસ્ટેપમાં ટેક્સચોરીનો સડો

» ઇજારદારનાં વાહનોનું પ્રકરણ હાઇકોર્ટમાં ગયું, કોર્ટે નોંધ પણ લીધી છતાં જિલ્લા કક્ષાએ કોઇ ગંભીરતા નહીં

» ઇજારદારનાં કરારખત મુજબનાં વાહનોનાં દસ્તાવેજી પુરાવા ચકાસવા જિલ્લા પુરવઠા અધિકારી અને પુરવઠાનાં જિલ્લા મેનેજરને નિગમનાં જનરલ મેનેજર(એલટીસી)ની સુચનાને પખવાડિયું થયું, પણ પુરવઠા વિભાગ કોઇ ચકાસણી કરતું નથી

વ્યારાઃ સોનગઢ નિગમનાં ગોડાઉનમાંથી ઈન્શ્યોરન્સ વગરનાં ટેક્સ ચોરીનાં વાહનો ડોર સ્ટેપ ડિલિવરીમાં દોડી રહ્યા છે. વધું તપાસ કરતા ઉચ્છલ, કુકરમુંડા, નિઝર સહિતનાં અન્ય તાલુકાઓમાં પણ ઈજારેદાર દ્વારા મુકાયેલા કેટલાંક વાહનોની પણ આવી જ બેહાલી છે. જો કોઇ જાનહાનિ થાય તો જવાબદાર કોણ? જિલ્લા કક્ષાએથી આ વાહનોની ફાળવણી થતી હોય ત્યારે આવી ગંભીર બાબત પુરવઠા અધિકારીઓનાં ધ્યાને આવી ન હોય તે વાત પણ અહીં ગળે ઉતરે તેમ નથી. ઈજારેદારનાં વાહનોનું પ્રકરણ હાઇકોર્ટમાં ગયું છે છતાં જિલ્લા કક્ષાએ તેની કોઇ ગંભીરતા લેવાતી નથી.

નિગમના ગોડાઉનમાંથી વાજબી ભાવની દુકાન સુધી વિવિધ જણસીનો યોજનાવાર જથ્થો પહોંચાડવા જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરીમાં ડોર સ્ટેપ ડિલિવરી માટે વર્ષ ૨૦૨૩-૨૫નાં ઈજારદારનાં કરારખત મુજબનાં વાહનોનાં દસ્તાવેજી પુરાવા ચકાસવા જિલ્લા પુરવઠા અધિકારી અને પુરવઠાનાં જિલ્લા મેનેજરને રાજ્યનાં નિગમનાં જનરલ મેનેજર(એલટીસી)એ સુચના આપી હતી. તેને પણ પખવાડિયું થઈ ગયું, વાહનોનાં દસ્તાવેજોની આવી કોઇ ચકાસણી કરાઇ નથી. જિલ્લામાં ઈન્શ્યોરન્સ વગર ટેક્ષ ચોરીનાં વાહનો ગોડાઉનો પરથી દોડી રહ્યા છે. ટેન્ડરની શરતો મુજબ કોંટ્રાક્ટ આપ્યા બાદ તે ટેન્ડરનાં નિયમોનો અમલ જ થતો નથી. હાઇકોર્ટમાં પણ ફરિયાદ થઈ છે ત્યારે કોર્ટે પણ આવી ગેરરિતીની નોંધ લીધી છે. નિગમે જિલ્લા પુરવઠા અધિકારીને પત્ર લખી વાહનોનાં તમામ દસ્તાવેજો નિયમોનુસાર કરી જમા કરાવવા આદેશ કર્યો હતો. દસ્તાવેજો નિયમોનુસાર નહીં કરાતા સરકારની છબી ખરડાઇ રહી હોવાનું નિગમે જણાવી જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કેમ ન કરવી? તેનો પણ ખુલાસો માંગ્યો, પણ હજુ સુધી ઈજારેદારનાં વાહનોનાં દસ્તાવેજો નિયમોનુસાર થયા નથી. આવા ઈજારેદાર વિરૂધ્ધ દસ્તાવેજી પુરાવા માટે કારણદર્શક નોટિસ પાઠવી કાર્યવાહીની સુચનાનો પણ ઉલાળીયો થયો છે.

વર્ષ ૨૦૨૩-૨૫ માટે ડોર-સ્ટેપ-ડિલિવરીના ટેન્ડરના દસ્તાવેજના મુદ્દા નં ૦૮માં દર્શાવ્યા મુજબ ઈજારેદારે માલિકીનાં વાહનોની અસલ આરસી બુક, ફીટનેસ સર્ટીફિકેટ, પીયુસી, ઈન્શ્યોરન્સ તેમજ વેચાણખતથી બતાવેલા વાહનોની આરસી બુક રજૂ કરવા જણાવ્યુ હતુ. ટેન્ડરની શરતોનુસાર વર્ક ઓર્ડર બાદ કરારખત કરતા સમયે ઈજારદારે જે વાહનો વેચાણખતથી બતાવેલું હોય, તે વાહનો પોતાના નામે ટ્રાન્સફર કરાવડાવી આરસી બુકમાં નામ બદલાવી માલિકીના વાહનો તરીકે દર્શાવ્યા બાદ કરારખત કરવાનો થાય છે. છતાં ટેન્ડર મેળવ્યા પછી તેનું અનુસરણ કરાતુ નથી. કેટલાંક વાહનોનાં ફીટનેસ પણ એક્સપાયર્ડ છે. નિગમ સામે હાઈકોર્ટમાં ઈજારેદારની આવી જ ગેરરિતીને લઈ પીટીશન દાખલ થઈ છતાં ઈજારેદારનાં ઈન્શ્યોરન્સ વગરનાં, ટેક્સ ચોરીનાં તેમજ અન્ય રાજ્યનાં નેશનલ પરમિટ વગરનાં વાહનો નિગમનાં ગોડાઉનમાં મુકી જિલ્લા પુરવઠા વિભાગ અનાજ સપ્લાયની કામગીરી કરાવી રહ્યુ છે. ત્યારે કોઇ મોટી નુકસાની, અકસ્માત કે જાનહાનિ થાય તો અહીં તેમની જવાબદારી પણ ફિક્સ થવી જોઇએ.

આ બધું જોવાની જવાબદારી જિલ્લા પુરવઠાનાં ડીએસએમની છે

આ બધુ જોવાની જવાબદારી જિલ્લા પુરવઠાનાં ડીએસએમની બને છે. જે ગાડી ફાળવાય તેમાં રેશનિંગનો જથ્થો પ્રમાણસર ભરી દુકાને પહોંચાડવા પુરતી અમારી જવાબદારી છે.

- ગોડાઉન મેનેજર, સોનગઢ

ઘરકંકાસમાં 'જીવનની ગાડી' ખોટકાતાં પતિએ જ પત્નીની હત્યા કરી હતી

માંડવીના માછીવાડમાં બંધ ઘરમાં દુર્ગંધ મારતી મળેલી મહિલાની લાશનો ભેદ ઉકેલાયો

પત્ની સાથેની માથાકૂટમાં પતિએ સંતાનોનો પણ વિચાર નહીં કર્યો, ખુદ પત્ર પિતા સામે ફરિયાદી બન્યો

માંડવીઃ માંડવીના માછીવાડના મકાનમાંથી મળેલી મહિલાની દુર્ગંધ મારતી લાશનો ભેદ ઉકેલાયો હતો. ખુદ પતિએ જ આ મહિલાની હત્યા કરી હતી.

માંડવીમાં અંબાજી રોડ માછીવાડમાં પુષ્પા ચૌહાણના મકાનમાં ભાડુત તરીકે રહેતા માંડવી એસ.ટી.બસ ડેપોના ડ્રાઇવર મહિસાગરના સંતરામપુરનો દિનેશ ડામોર પત્ની સુમિત્રા સાથે અવાર નવાર ઝઘડો કરી મારી નાખવાની ધમકી આપતો હતો. એક-બે માસ પહેલા ઝઘડો થતાં પત્ની પિયર ચાલી ગઈ હતી. જેને સમજાવી બોલાવી લાવ્યા હતા. ચાર દિવસ પહેલા આ મકાનના દરવાજા પર તાળું મારેલું હતું. શુક્રવારે મકાનમાંથી તીવ્ર દુર્ગંધ આવતાં પોલીસે આવી તાળું તોડી ઘરમાં જોતાં મહિલાની લાશ પડી હતી. પોલીસે લાશને ફોરેન્સિક પીએમ માટે સુરત મોકલતાં પતિએ જ તેની હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું. પતિ દિનેશ ડામોરે પત્નીના કંકાસથી કંટાળી ગયો હતો અને અગાઉ મારી નાખવાની ધમકી આપતાં તે ઈરાદે ગળું દબાવી હત્યા કરી હતી. ગતરોજ મૃત મહિલાના પતિ દિનેશનો સંપર્ક કરતાં તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. આથી માંડવી એસ.ટી. બસ ડેપોમાં તપાસ કરતાં તા.29 જૂનથી નોકરી પર ગયો ન હોવાનું જાણવા મળ્યું હતું. માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એચ. ચૌહાણે ગણતરીના કલાકોમાં જ આ ભેદ ઉકેલ્યો હતો.

ભાજપ નેતા સાથે ઘર્ષણ થતા MLA ચૈતર વસાવાની અટકાયત

'અમે કહીએ તે પ્રમાણે કરવાનું, હું ધારાસભ્ય છું...' દેડિયાપાડામાં આપ MLA અને ભાજપ અગ્રણી વચ્ચે ઘર્ષણ

ચૈતર વસાવાને ડેડીયાપાડા પોલીસ સ્ટેશનથી નર્મદા LCB પોલીસ કોર્ડન સાથે લઇ ગઈ

ભરૂચ, સાગબારા : દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપના તાલુકા પંચાયતના પ્રમુખ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ વિવાદ વકરતા મારામારીનો બનાવ બનતા વાતાવરણ તંગ બની ગયું હતું. સમગ્ર મુદ્દો તાલુકા સંકલન સમિતિની બેઠક દરમિયાન બની હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે ફરિયાદ નોંધાતા ચૈતર વસાવાને પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યા હતા. ડેડીયાપાડાનાં MLAની અટકાયત બાદ તેમના સમર્થકો પોલીસ સ્ટેશનમાં ટોળેટોળા ભેગા થઇ ગયા હતા. નર્મદા LCB પોલીસ ડેડીયાપાડાથી MLA ચૈતર વસાવાને લઇ જતા સમર્થકોએ ઘર્ષણ ઉભુ કર્યું હતું. અને ગાડીનાં ટાયર આગળ બેસી જતા ભારે તનાતનીનો માહોલ સર્જાયો હતો.

સુત્રો દ્વારા AAPના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા દેડિયાપાડા તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવાને લાફા ઝીંકવામાં આવ્યા હોવાનું ખુદ સંજય વસાવાએ સ્વીકાર્યું છે. ધારાસભ્યએ સાગબારા તાલુકાના પ્રમુખ ચંપાબેન વસાવાને અપશબ્દો બોલ્યા હતા. એ વેળા સંજય વસાવા વચ્ચે પડતા ધારાસભ્ય ચૈતર વસાવાએ તેમને લાફા ઝીંકી દીધા હતા તેવો આક્ષેપ કરાઈ રહ્યો છે. ધારાસભ્યએ મહિલા પ્રમુખને અમે કહીએ તે પ્રમાણે કામ કરવાનું, હું ધારાસભ્ય છું. જણાવ્યું હતુ.

ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે ચૂંટાયેલા ધારાસભ્યને વિશ્વાસમાં લીધા વગર છ સભ્યોનો કરાયેલો સમાવેશ રદ કરવા અને ફરી નવી કમિટી બનાવવાનું સુચવતા ડેડીયાપાડા તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા ઉશ્કેરાઇ જઇ અમારા સભ્યો છે અને અમે નક્કી કરેલા છે અને કમિટીમાં તેમનો સમાવેશ કરી આયોજનમાં કામો પણ લેવા જ પડશે અને સરકાર પણ અમારી છે અને મિટિંગ પણ થશે અને આયોજન પણ, તમારે જે કરવું હોય તે કરો તેમ જણાવી બોલાચાલી કરી હતી. તે દરમિયાન ડેડીયાપાડા તાલુકા પંચાયતના પ્રમુખે ધારાસભ્ય ચૈતર વસાવાનો કોલર પકડી ઝપાઝપી કરી જોઈ લેવાની ધમકી આપતા હતા. જે બાબતે ડેડીયાપાડા પોલીસ મથકે ફરિયાદ આપવા જતા ડેડીયાપાડા પોલીસે ઉલટા ચોર કોટવાલ કો દાંતે જેવો ઘાટ કરી ધારાસભ્ય ચૈતર વસાવાની ફરિયાદ લેવાને બદલે તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી ડિટેઇન કરી રાજપીપલા ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકે લઇ ગયા ગતા. પોલીસે ધારાસભ્યને લઈ જતા આપના કાર્યકરો અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ જોવા મળ્યું હતું. આ ઘટનાને લઈને રાજકીય વર્તુળોમાં ગરમાવો આવી ગયો છે.

બારડોલીમાં મંદિર પરિસરની જમીન પરના ગેરકાયદે પાકા ગોડાઉનો હટાવાયા

આ કાર્યવાહીથી મંદિરના ભવ્ય જિર્ણોદ્ધાર અને ભાવિકો માટે નવી સુવિધાઓના નિર્માણનો માર્ગ ખુલ્લો થયો

કિંમતી જમીન પર કેટલાક વ્યક્તિઓએ મોટા પાયે દબાણ કરી પાકા ગોડાઉનો બનાવી દીધા હતા

સાડા પાંચ વીંઘા જમીન ખુલ્લી થવાથી મંદિરના વિકાસનો માર્ગ મોકળો થશે

મંદિર ટ્રસ્ટના પ્રમુખ સુનિલ તળાવિયાએ જણાવ્યુ હતું કે, અહીં ઘણા સમયથી દબાણ હતું. ત્રણ મહિના પહેલા તમામ ગોડાઉનવાળાને ટ્રસ્ટ તરફથી નોટિસ આપવામાં આવી હતી. આગામી સમયમાં મંદિરોની જિર્ણોદ્ધાર કરવાનો હોય આ ગેરકાયદે દબાણ દૂર કરવું જરૂરી હતું. આથી ટ્રસ્ટીઓની સહમતીથી આ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સાડા પાંચ વીંઘા જમીન ખુલ્લી થવાથી મંદિરના વિકાસનો માર્ગ મોકળો બનશે.

બારડોલીઃ બારડોલીના લીમડા ચોક વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ કેદારેશ્વર મહાદેવ અને જ્ઞાનેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ હસ્તકની જ્ઞાનેશ્વર મહાદેવ મંદિર પરિસરની આશરે સાડા પાંચ વીંઘા જેટલી વિશાળ જમીન પર છેલ્લા ઘણા વર્ષોથી થયેલા ગેરકાયદે પાકા ગોડાઉનના દબાણો આખરે દૂર કરવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહીથી મંદિરના ભવ્ય જીર્ણોદ્ધાર અને ભાવિકો માટે નવી સુવિધાઓના નિર્માણનો માર્ગ ખુલ્લો થયો છે.

મંદિર ટ્રસ્ટના ધ્યાનમાં આવ્યું હતું કે, લીમડા ચોકથી આંબેડકર સર્કલ રોડ પર આવેલી આ કિંમતી જમીન પર કેટલાક વ્યક્તિઓએ મોટા પાયે દબાણ કરી પાકા ગોડાઉનો બનાવી દીધા હતા, જેના કારણે મંદિરનું અસ્તિત્વ પણ સ્પષ્ટ દેખાતું નહોતું. આ બાબતની ગંભીરતા પારખીને ટ્રસ્ટના પ્રમુખ સુનિલ તળાવિયા અને અન્ય ટ્રસ્ટીઓએ તાત્કાલિક પગલાં લેવાનું નક્કી કર્યું હતું.

ભવિષ્યમાં જ્ઞાનેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર કરી આ જગ્યા પર ભક્તો માટે અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન હોવાથી, ટ્રસ્ટ દ્વારા સૌપ્રથમ દબાણકર્તા ગોડાઉન માલિકોને કાયદેસર નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ આપ્યા છતાં દબાણ દૂર ન થતા, ટ્રસ્ટના પ્રમુખ સુનિલભાઈ તેમની ટીમ સાથે આજે જેસીબી લઈને સ્થળ પર પહોંચ્યા હતા અને દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરી હતી. આજરોજ લગભગ ૫૦ ટકા જેટલું દબાણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યું છે. બાકીના ગોડાઉન માલિકો દ્વારા અંદરનો સામાન ખસેડવા માટે સોમવાર સુધીનો સમય માંગવામાં આવ્યો છે.

સોમવારથી ફરીથી દબાણ દૂર કરવાની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પહેલથી બારડોલીના ધાર્મિક અને સામાજિક વર્તુળોમાં હર્ષની લાગણી પ્રવર્તી રહી છે.

સંક્ષિપ્ત સમાચાર

રિક્ષામાં બેસેલા મુસાફરે વૃદ્ધાના હાથમાંથી બે બંગડી સેરવી લીધી

ભરૂચ : ભરૂચના વૈકુંઠ મેઘા ટાઉનશીપ પાસેના રાધે ટાવર ખાતે રહેતાં 68 વર્ષીય દેવાંશી શાહ જૈન શક્તિનાથ જૈન મંદિરે દર્શન કરવા માટે જવા નીકળ્યાં હતાં. તેઓ ભૃગુઋષી બિજ પાસે પહોંચતાં રિક્ષાની રાહ જોઈ રહ્યાં હતાં. તે વેળાં રિક્ષા આવતાં તેઓ તેમાં પાછળની સીટ પર બેઠાં હતાં. તેમની બાજુમાં એક પુરુષ અને એક મહિલા બેઠી હતી. જ્યારે એક આગળ બેઠો હતો. દરમિયાનમાં રિક્ષા બ્રિજ પર ચઢતાં રિક્ષા ચાલકે આગળ આરટીઓ વાળા ઊભા છે. તે મને દંડ કરશે તેમ જણાવી આગળવાળા યુવાનને પાછળ મોકલ્યો હતો. દરમિયાનમાં કોર્ટ પાસે પહોંચતાં તે પૈકીના એક શખ્સે મારે મોડું થાય છે તેમ કહેતાં ડ્રાઈવરે રિક્ષા સાઈડમાં કરી તેમને ઉતરી જવા જણાવ્યું હતું. ત્યારબાદ તેઓ બીજી રિક્ષા પકડી મંદીરે પહોંચ્યા હતાં. પૂજા-અર્ચના કરી તેઓ પરત શક્તિનાથ આવતાં તેમને ધ્યાનમાં આવ્યું હતું કે. તેમની જમણા હાથમાંથી બંગડીઓ નથી. તે બંગડીઓ રિક્ષામાં બેસેલા ગઠિયાએ જ ચોરી કર્યાની તેમને શંકા હોઈ તેમણે ભરૂચ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કડદોરાથી ચપ્પુ લઇને ફરતો ઈસમ ઝડપાયો

પલસાણા : કડોદરા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે સમયે કડોદરા ચાર રસ્તા રોડ પર એક શંકાસ્પદ ઈસમ ઉભેલો જોવા મળ્યો હતો. પોલીસે તેને પૂછપરછ કરતા તેણે ગલ્લા-તલ્લા કરી ઉડાવ જવાબ આપ્યા હતા, જેથી પોલીસને શંકા ગઈ હતી. તેની તલાશી લેતા તેના કમરના ભાગેથી એક ધારદાર મોટું લોખંડનું ચપ્પુ મળી આવ્યું હતું. પંચો રૂબરૂ આરોપીની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ શુભમ વિશ્વનાથ પટેલ હોવાનું જણાવ્યું હતું. ચપ્પુ રાખવા બાબતે પાસ-પરમિટ માંગતા તેની પાસે તે નહીં હોવાનું અને કોઈ સંતોષકારક જવાબ નહીં આપતા જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી જાહેરમાં શરીર સંબંધી ગુનો કરવાના ઈરાદે મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી શુભમ વિશ્વનાથ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઓલપાડના સિવાણ ગામમાં બે છોકરી વચ્ચેના ઝઘડામાં એક પિતાએ જીવ ગુમાવ્યો

એક દીકરીના પિતાએ બીજી દીકરીના પિતાને માર મારતા માથા તથા શરીરે ગંભીર ઇજાઓ થઈ હતી

સાયણ : ઓલપાડ તાલુકાના સિવાણ ગામમાં આવેલી મહેક રેસીડેન્સી-૨ મકાન નંબર ૨૭૮ માં રહેતા દિલીપભાઈ કૈલાશભાઈ બૈઠા (ઉંમર વર્ષ ૩૮) પરિવાર સાથે રહે છે. આ સોસાયટીમાં જ દિનેશભાઈ જગુનંદન સહાની પણ રહે છે. આ બંનેની દીકરીઓ વચ્ચે ઝઘડો થયો હતો. જેમા દિનેશની દીકરીને માર માર્યો હોવાની દિનેશે અદાવત રાખી તારીખ મિત્ર અજય સાથે મળી દિલીપભાઈ સાથે ઝઘડો કરી મારમારી રોડ પર પછાડતા દિલીપભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર ઈજાઓને લઈને તત્કાલ દિલીપભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. પરંતુ તારીખ ૫/૭/૨૦૨૫ ના રોજ સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતું. મોતની ઘટના બનતા દિલીપભાઈની પત્ની સોમીદેવીએ દિનેશભાઈ જગુનંદન સહાની અને અજય સોનધર સહાની વિરુદ્ધ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ઘટનાની વધુ તપાસ પીઆઈ સી.આર જાદવ કરી રહ્યા છે.

કીમમાં ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને પુનઃ તણાવભરી સ્થિતિ

કીમ : કીમના આશિયાના નગરમાં એક વૉર્ડની ચૂંટણી યોજાવાની હતી. જોકે ચૂંટણી સમરસ થઈ હતી. પોલીસ ફરિયાદ મુજબ યાહ્યા શેખ (રહે. આશયાના નગર)ને ચૂંટણી હતી ત્યારથી અદાવત રાખી મોહમદ પઠાણ, અફજલ ચૌહાણ અને ફૈઝલ ઉસ્માન ઘાચી તેમને ધમકી આપતા હતા. જેને પગલે સામે પક્ષે ફરિયાદ આપતા જણાવ્યું હતું કે ફરીયાદીએ મારી નાખવાની ધમકી આપી હતી. યાહ્યા શેખ સામે ભૈયો આવીને વકીલ બને છે. અને અમને હુકમ કરે છે કહી હત્યાની ધમકી આપતા ફરિયાદ નોંધાવી હતી. કીમ પોલીસે બંને પક્ષની ફરિયાદ લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

CIN U40102GJ2003SGC042909

બારડોલી (સં. અને નિ) વિભાગીય કચેરી

૬૬ કે.વી.એસ.એસ. કંપાઉન્ડ, સુરત-બારડોલી રોડ, ને.હા.નં.-૬, બારડોલી-૩૯૪૬૦૧

ટોલ ફ્રી નં: ૧૯૧૨૩ (કે ૧૮૦૦-૨૩૩-૩૦૦૩)

DGVCL

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અ.નં.	સબ સ્ટેશનનું નામ	ફિડરનું નામ	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ/ વાર	સમય
૧.	બેડદા	૧૧ કેવી કરુઠા જેજીવાય ૧૧ કેવી કલમકુવા જેજીવાય ૧૧ કેવી સિંગલવણ એજી ૧૧ કેવી સરકુઈ એજી ૧૧ કેવી જુના કાકરાપાર એજી ૧૧ કેવી કીબ્કો HT	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૦૮.૦૭.૨૦૨૫/ મંગળવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦
૨.	માંડવી	૧૧ કેવી માંડવી ટાઉન ૧૧ કેવી જામણકુવા જેજીવાય ૧૧ કેવી તરસાડા એજી ૧૧ કેવી નાનીચેર એજી ૧૧ કેવી રામેશ્વર એજી ૧૧ કેવી અંધાત્રી જેજીવાય	માંડવી	૮૯૮૦૮૦૩૮૬૩	૧૦.૦૭.૨૦૨૫/ ગુરૂવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦
૩.	સાદડાપાણી	૧૧ કેવી દેવઘાટ જેજીવાય ૧૧ કેવી ઉમરપાડા જેજીવાય ૧૧ કેવી ઘાણાવડ એજી	ઉમરપાડા	૮૯૮૦૮૦૩૮૬૯	૧૦.૦૭.૨૦૨૫/ ગુરૂવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦
૪.	સાદડાપાણી	૧૧ કેવી ચારણી જેજીવાય ૧૧ કેવી વેલાવી એજી	ઉમરપાડા	૮૯૮૦૮૦૩૮૬૯	૧૧.૦૭.૨૦૨૫/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦
૫.	ઝંખવાવ	૧૧ કેવી ઉમરખડી જેજીવાય ૧૧ કેવી ક્વોરી ઇન્ડ.	ઉમરપાડા	૮૯૮૦૮૦૩૮૬૯	૧૨.૦૭.૨૦૨૫/ શનિવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

કાર્યપાલક ઈજનેર (સં. અને નિ.) બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી/ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો